# ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનનો પરિચય

| | | | |
|---|---|---|---|
| પિતા | : ભાનુ | ચ્યવન કલ્યાણક | : વૈશાખ સુદ-૭ |
| માતા | : સુવ્રતારાણી | જન્મ કલ્યાણક | : મહા સુદ-૩ |
| ભવ | : ૩ | દીક્ષા કલ્યાણક | : મહા સુદ-૧૩ |
| આયુષ્ય | : ૧૦ લાખ વર્ષ | કેવળજ્ઞાન કલ્યાણક | : પોષ સુદ-૧૫ |
| યક્ષ | : કિન્નર | મોક્ષ કલ્યાણક | : જેઠ સુદ-૫ |
| યક્ષિણી | : કંદર્પા | ગણધર | : ૪૩ |
| શરીરનું માપ | : ૪૫ ધનુષ | સાધુ | : ૬૪,૦૦૦ |
| શરીરનો વર્ણ | : સુવર્ણ | સાધ્વી | : ૬૪,૦૦૦ |
| કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ પુરુષો | શ્રાવક | : ૨,૦૪,૦૦૦ |
| છદ્મસ્થ કાળ | : ૨ વર્ષ | શ્રાવિકા | : ૪,૧૩,૦૦૦ |
| મોક્ષસ્થળ | : સમ્મેત શિખર | સમ્યક્ત્વ પ્રાપ્તિ ભવ | : દશરથ રાજા |

Scanned with CamScanner

# પંચમ સર્ગ

## શ્રી ધર્મનાથ સ્વામી, નિશુંભ પ્રતિવાસુદેવ, પુરુષસિંહ વાસુદેવ, સુદર્શન બળદેવ ચરિત્ર

ધર્મરૂપ ગંગાની ઉત્પત્તિના હિમાલય અને કુતીર્થરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન એવા શ્રીમાન્ **ધર્મનાથ**ના ચરણનું શરણ હું ગ્રહણ કરું છું. સંસારસાગરને તરવામાં મોટા સેતુબંધરૂપ– એ જ તીર્થનાથનું ચરિત્ર હવે હું કહું છું.

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં ભરત નામના વિજયને વિષે **ભદ્રિલ** નામે એક વિશાળ નગર છે. તેમાં **દૃઢરથ** નામે રાજા હતો. બે દાંતથી હસ્તીની જેમ બે દૃઢ ભુજાઓથી તે શોભતો હતો. જ્યોતિશ્ચક્રમાં સૂર્યની જેમ સર્વ રાજાઓના તેજ તેણે હરી લીધા હતા, અને સરિતાઓનું પાત્ર જેમ સમુદ્ર તેમ સર્વ રાજાઓના દંડનું તે પાત્ર હતો, (અર્થાત્ સર્વ રાજાનો દંડ તે કરી શકતો હતો). આવું મોટું સામ્રાજ્ય પ્રાપ્ત થયા છતાં એ વિવેકી રાજા ઇંદ્રની સંપત્તિને પણ આકડાના તૂલ જેવી ચપળ જાણીને તેનો જરા પણ ગર્વ કરતો નહીં. વિષય સંબંધી સુખ તે પૂર્ણ રીતે પામ્યો હતો, તથાપિ અતિથિની જેમ સંસારવાસમાં તેને જરા પણ આસ્થા નહોતી. ભોગને વિષે અત્યંત વૈરાગ્યવાન અને પોતાના શરીર ઉપર પણ નિઃસ્પૃહ એવા દૃઢરથ રાજાએ છેવટે શરીરના મળની પેઠે પોતાના રાજ્યને એકદમ છોડી દીધું, અને સાંસારિક મહા દુઃખ અને રોગના વૈદ્યરૂપ **વિમલવાહન** નામના ગુરુની પાસે તે ગયો. તેમની પાસેથી એ રત્નશિરોમણિ રાજાએ રુચિરૂપી મૂલ્ય આપીને દુર્લભ એવું નિર્મળ ચારિત્રરત્ન ગ્રહણ કર્યું. યોગની માતા તુલ્ય સમતાને ધારણ કરતા અને પરીષહને સહન કરતા એ રાજમુનિએ ઘણું દુસ્તપ તપ આચર્યું. તીર્થોદક જેવા પવિત્ર શાસ્ત્રરૂપ ગંડૂષ(કોગળા)નું આચમન કરીને તેણે વિષયરૂપ મ્લેચ્છોથી દૂષિત એવા પોતાના આત્માને પવિત્ર કર્યો. અનુક્રમે અર્હંત ભક્તિ વગેરે સ્થાનકોનું આરાધન કરીને સદ્‌બુદ્ધિવાળા તે મુનિરાજે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. પછી કાળસ્થિતિ નજીક આવતાં અનશન કરી, સમાધિથી મૃત્યુ પામી તે મુનિ વૈજયંત વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયા.

આ જંબૂદ્વીપને વિષે ભારતવર્ષમાં રત્નાકર જેવું **રત્નપુર** નામે એક નગર હતું. તેમાં બન્ને બાજુએ કરેલા રત્નમય સોપાનનાં કિરણોની જાળથી જાણે વચમાં સેતુ (પાજ) બાંધી હોય તેવી ઉપવનની વાપિકાઓ શોભતી હતી. ઠેકાણે ઠેકાણે અર્હત્‌નાં સુવર્ણમય ચૈત્યો અને દર્પણવાળા ગૃહો 'અહીં હમેશાં ત્રણે પુરુષાર્થ ઉદય પામેલા છે' એમ સૂચવતા હતા. રાત્રીએ જેમાં નક્ષત્રોનાં પ્રતિબિંબ પડે છે એવી મરકતમણિબદ્ધ માર્ગભૂમિ જાણે મોતીના સ્વસ્તિકવાળી હોય તેવી દેખાતી હતી. ત્યાં આવેલા મોટા મંદિરોની ખીંતીઓના કંઠમાં વધૂજનોએ લટકાવેલા હાર કંઠાભરણનું પૂર્ણ રૂપ પામતા હતા. ઉદ્યાનવાપિકાઓથી હેમંત, હવેલીઓના રસોડાથી ગ્રીષ્મ અને ગજોના મદથી વર્ષા–એમ ત્રણે ઋતુઓનો કાળ ત્યાં એક સાથે જ પ્રવર્તતો હતો.

તે નગરમાં તેજવડે સૂર્ય સમાન, શત્રુરૂપ તૃણપુંજમાં અગ્નિ સમાન અને નિર્મળ ગુણોથી નિરંતર પ્રકાશતો **ભાનુ** નામે રાજા હતો. સમુદ્રના તરંગોની જેમ તેના ગુણોનું પ્રમાણ કરવાને

બૃહસ્પતિ પણ સમર્થ ન હતા. તે એક જ રાજાએ જેનો કર[1] ગ્રહણ કરેલો છે એવી ભૂમિ કુલવતી અને શીલવતી લલનાની જેમ બીજા પતિને પ્રાપ્ત જ થતી નહોતી. તે રાજાએ સ્વભાવથી ચપલ એવી લક્ષ્મીને પોતાના દૃઢ ગુણો(પક્ષે દોરી)થી બાંધીને હાથિણીની જેમ પોતાના ભુજસ્તંભમાં સ્થિર કરી હતી. સૂર્યની જેમ પ્રૌઢ પ્રતાપવાળા એ રાજાએ દીપકના જેવા શત્રુરાજાઓના તેજને હરી લીધા હતા. અન્ય રાજાઓનો વિજય કરવા માટે તેને લલાટ ઉપર ભ્રૂકુટી પણ ચડાવવી પડતી નહીં, તો પછી ધનુષ્ય ઉપર પણછ ચડાવવાની તો વાત જ શી કરવી!

તે રાજાને ચરણકમળની ઉપાસના કરવામાં ભ્રમરી જેવી અને લોકોત્તર પતિવ્રતવાળી **સુવ્રતા** નામે એક રાણી હતી. તેની પાસેથી જ કોકિલાઓ મધુર આલાપ, હંસલીઓ ગતિચાતુર્ય અને મૃગલીઓ દૃષ્ટિવિલાસ શીખેલી હતી. લજ્જા તેની સહચરી હતી, શીલલક્ષ્મી તેને શોભાવનારી હતી અને કુલીનતા તેની કાંચળી હતી. એ પ્રમાણે તેનો સ્વાભાવિક પરિવાર હતો. પતિભક્તિરૂપ તેને યોગ્ય અલંકાર હતો, તે સિવાય હાર વગેરે બીજા અલંકારો તો ઊલટા તેનાથી અલંકૃત હતા, અર્થાત્ તેના અંગસંગવડે જ શોભતા હતા.

હવે વૈજયંત નામના બીજા અનુત્તર વિમાનમાં રહેલા **દૃઢરથ રાજાના જીવે** પરમ સુખમાં મગ્ન થઈ ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું. પછી ત્યાંથી ચ્યવીને વૈશાખ માસની શુક્લ સપ્તમીને દિવસે પુષ્ય નક્ષત્રમાં ચંદ્ર આવતાં તે જીવ સુવ્રતા રાણીના ઉદરમાં અવતર્યો. તે વખતે સુવ્રતાએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ગજ વગેરે ચૌદ મહા સ્વપ્નો જોયાં. અનુક્રમે પૂર્ણ સમયે માઘ માસની શુક્લ તૃતીયાને દિવસે પુષ્ય નક્ષત્રમાં વજ્રના લાંછન (ચિહ્ન)વાળા સુવર્ણવર્ણી પુત્રને સુવ્રતાદેવીએ જન્મ આપ્યો. તરત જ ભોગંકરા વગેરે છપ્પન દિક્કુમારીઓએ આવીને પ્રભુ અને પ્રભુની માતાનું સૂતિકાકર્મ કર્યું. તે જ વખતે સૌધર્મેંદ્ર પણ પાલક વિમાનમાં બેસીને ત્યાં આવ્યા, અને પ્રભુને લઈને મેરુપર્વત ઉપર ગયા. ત્યાં અતિપાંડુકબલા નામે શિલાની ઉપર રત્નમય સિંહાસનમાં પ્રભુને પોતાના ઉત્સંગે લઈને ઇંદ્ર બેઠા. અચ્યુત વગેરે ત્રેસઠ ઇંદ્રોએ પવિત્ર તીર્થજળથી વિધિપૂર્વક પ્રભુને સ્નાત્ર કરાવ્યું. પછી ઈશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને બેસાડીને સૌધર્મેંદ્રે સ્નાત્ર કર્યું, અને વિલેપન વગેરેથી પૂજા કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો–

"પરમ ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપવાળા અને પરમ ધ્યાન કરનારા એવા પંદરમા તીર્થંકરને મારા નમસ્કાર છે. હે પ્રભુ! દેવ અને દાનવથી હું મનુષ્યોની મોટી મહત્તા માનું છું, કારણ કે ત્રણ લોકને વંદન કરવા યોગ્ય એવા તમે મનુષ્યપણામાં પ્રગટ થયેલા છો. હે નાથ! મોક્ષરૂપ સાધનને સાધી લેવા માટે તમારું શિષ્યપણું ગ્રહણ કરવાની ઇચ્છાવાળા એવા મને હમણાં જ આ દક્ષિણ ભારતવર્ષમાં મનુષ્યપણું પ્રાપ્ત થાઓ. જે પ્રમાદીઓને તમારા ચરણનું દર્શન થતું નથી તેવા સ્વર્ગીઓ સુખી છતાં પણ તેમનામાં અને નારકી જીવોમાં કાંઈ પણ ભેદ નથી. હે પ્રભુ! જ્યાં સુધી સૂર્યની જેમ તમારો ઉદય થયો નહોતો ત્યાં સુધી જ ઘુવડ પક્ષીની જેમ કુતીર્થીઓ બોલી શકતા હતા. હવે વરસાદથી સરોવરની જેમ તમારી ધર્મદેશનારૂપ જળવડે આ ભરતાર્દ્ધ થોડા કાળમાં પૂર્ણ ભરાઈ જશે. હે પરમેશ્વર! મોટો રાજા જેમ શત્રુના દેશને મુક્ત કરી તેનું રાજ્ય તેને પાછું આપે

૧. કર એટલે સ્ત્રીપક્ષે હાથ અને પૃથ્વીપક્ષે કર એટલે રાજાનો ગ્રાહ્ય ભાગ

તેમ તમે અનંત પ્રાણીઓને મુક્ત કરીને અચલ સુખ આપશો. હે ભગવન્! દેવલોકમાં પણ ભ્રમરની પેઠે તમારા ચરણકમળમાં લીન થયેલા ચિત્તવડે મારા દિવસો નિર્ગમન થાઓ.''

શક્રેંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરીને ઈશાનેંદ્રની પાસેથી પ્રભુને લઈ સુવ્રતાદેવીની પાસે જેમ હતા તેમ મૂકી દીધા. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે તેમની માતાને ધર્મ કરવાનો દોહદ થયો હતો, તેથી ભાનુ રાજાએ તેમનું **ધર્મ** એવું નામ પાડ્યું. દેવકુમારોની સાથે ક્રીડા કરતા પ્રભુએ શિશુ અવસ્થા નિર્ગમન કરી, અને પિસ્તાળીશ ધનુષ્ય ઊંચી કાયાવાળા પ્રભુ યૌવનવયને પ્રાપ્ત થયા. પછી ચિરકાળથી ઇચ્છેલા માતાપિતાના કૌતુકને પૂર્ણ કરવા તેમજ ભોગ્યકર્મને ભોગવવા પ્રભુએ પાણિગ્રહણ કર્યું. જન્મથી અઢી લાખ વર્ષ ગયા પછી પિતાના આગ્રહથી પ્રભુએ રાજ્યભાર ગ્રહણ કર્યો. પાંચ લાખ વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરીને પછી અવસર પ્રાપ્ત થયેલો જાણી પ્રભુએ દીક્ષા લેવા વિચાર કર્યો. તે જ વખતે 'હે સ્વામી! તીર્થ પ્રવર્ત્તાવો' એમ લોકાંતિક દેવતાઓએ આવીને વિજ્ઞપ્તિ કરી; એટલે પ્રભુએ દીક્ષારૂપ નાંદીના મુખરૂપ વાર્ષિક દાન આપવું શરૂ કર્યું. વર્ષાંતે દેવતાઓએ અભિષેક કરેલા પ્રભુ **નાગદત્તા** નામની શિબિકામાં બેસીને **વપ્રકાંચન** નામે રમણીય ઉદ્યાનમાં પધાર્યા.

એ ઉદ્યાનમાં પ્રિયંગુલતાની મંજરીમાં ભ્રમરાઓ ગુંજારવ કરતા હતા. ઉદ્યાનપાલિકાઓ નાગકેશરનાં પુષ્પનાં આભૂષણો ગૂંથવામાં વ્યગ્ર થયેલી હતી. રોહડાના પરાગથી નગરસ્ત્રીનાં મુખ વ્યાપી રહેતા હતા. જાણે કામદેવના આયુધગૃહ હોય તેવા ડોલરના પુષ્પોથી તે શોભતું હતું. ઉદ્યાનપાલના બાળકો લવલી (ચારોળી) લતાનાં પુષ્પને કાપવામાં વ્યગ્ર થઈ રહ્યા હતા. મચકુંદના મકરંદબિંદુવડે તેનું ભૂમિતળ આર્દ્ર થઈ રહ્યું હતું. ફૂલેલાં મરુચકના વૃક્ષોથી જાણે મરકત મણિથી પૃથ્વી બાંધી હોય તેવું દેખાતું હતું. આવા શિશિર ઋતુ સંબંધી લક્ષ્મીમય સુંદર ઉદ્યાનમાં પ્રભુએ પ્રવેશ કર્યો. પછી માઘ માસની શુક્લ ત્રયોદશીએ પુષ્ય નક્ષત્રમાં દિવસના પાછલે પહોરે એક હજાર રાજાઓની સાથે છઠ્ઠ તપ કરીને પ્રભુએ દીક્ષા લીધી. ત્રીજે દિવસે **સોમનસપુર**માં **ધર્મસિંહ** રાજાના સુંદર ગૃહમાં પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. ત્યાં વસુધારા વગેરે પાંચ દિવ્ય પ્રગટ થયા, અને ધર્મસિંહ રાજાએ પ્રભુના પગલાની ભૂમિપર રત્નમય પીઠ કરાવી. શરીરમાં પણ અપેક્ષા રહિત એવા જગત્પતિ પવનની જેમ અસ્ખલિતપણે ત્યાંથી પૃથ્વીપર વિહાર કરવાને પ્રવર્ત્યા.

જંબૂદ્વીપના અપર (પશ્ચિમ) વિદેહક્ષેત્રને વિષે **અશોકાનગરી**માં **પુરુષવૃષભ** નામે રાજા હતો. તે તત્ત્વજ્ઞાની અને સાત્વિક રાજાએ સંસારથી વિરક્ત થઈ **પ્રજાપાલક** મુનિની પાસે દીક્ષા લીધી. દુસ્તપ તપ તપતા એ રાજમુનિ આયુષ્ય પૂર્ણ થયે કાળધર્મ પ્રાપ્ત થતાં મૃત્યુ પામી, સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

તે દેવના આયુષ્યના સોળ સાગરોપમ ગયા પછી **પોતનપુર** નામના નગરમાં **વિકટ** નામે એક રાજા થયો. હાથી હાથીને જીતી લે, તેમ કોઈ **રાજસિંહ** નામના રાજાએ પોતાના પરાક્રમવડે તેને રણભૂમિમાં જીતી લીધો. તે પરાજયથી લજ્જા પામેલા વિકટરાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી **અતિભૂતિ** નામના મુનિને ચરણે જઈ વ્રત ગ્રહણ કર્યું. પછી તીવ્ર તપસ્યા કરીને પ્રાંતે તેણે એવું નિયાણું બાંધ્યું કે 'આ તપના મહિમાથી હું ભવાંતરમાં રાજસિંહનો ઉચ્છેદ કરનાર થાઉં.' આ પ્રમાણે નિયાણું કરી કાળયોગે મૃત્યુ પામીને તે બીજા દેવલોકમાં બે સાગરોપમના આયુષ્યવાળો દેવતા થયો.

રાજા રાજસિંહ ચિરકાળ સંસારમાં ભમી આ ભરતક્ષેત્રમાં **હરિપુર** નામના નગરમાં **નિશુંભ** નામે રાજા થયો. પિસ્તાળીશ ધનુષ્ય ઊંચી કાયાવાળો, દશ લાખ વર્ષના આયુષ્યવાળો અને ઉગ્રશાસન પ્રવર્તાવનાર કૃષ્ણવર્ણી તે એક લીલામાત્રમાં દક્ષિણ ભરતાર્દ્ધને સાધી લઈને પાંચમો અર્દ્ધચક્રી (પ્રતિવાસુદેવ) કહેવાયો.

તે અવસરે ભરતખંડના **અશ્વપુર** નામે નગરમાં કલ્યાણના એક સ્થાનરૂપ **શિવ** નામે રાજા થયો. તેને **વિજયા** અને **અંમકા** નામે, જાણે મૂર્ત્તિમાન કીર્તિ અને લક્ષ્મી હોય તેવી, બે પ્રિય પત્નીઓ હતી. તેમાંની વિજયા રાણીની કુક્ષિમાં પુરુષવૃષભનો જીવ સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી ચાર સ્વપ્નવડે બલભદ્રના જન્મને સૂચવતો આવીને ઉત્પન્ન થયો. ગર્ભકાળ પૂર્ણ થતાં વિજયાદેવીએ જાણે શરીરધારી પોતાના પતિનો ઉજ્જ્વળ યશસમૂહ હોય તેવા પુત્રને જન્મ આપ્યો. શિવરાજાએ શુભ દિવસે મોટા ઉત્સવવડે સારા દર્શનને લીધે પુત્રનું **સુદર્શન** એવું નામ પાડ્યું.

**વિકટનો જીવ** બીજા દેવલોકમાંથી ચ્યવી સાત સ્વપ્નવડે વાસુદેવના જન્મને સૂચવતો અંમકાના ઉદરમાં ઉત્પન્ન થયો. ગર્ભસમય પૂર્ણ થતા સરિતા જેમ નીલકમળને જન્મ આપે, તેમ ઇંદ્રનીલમણિ જેવા નીલવર્ણી પૂર્ણ લક્ષણવાળા પુત્રને તેણે જન્મ આપ્યો. આ કુમાર અતિશય પરાક્રમથી પુરુષોમાં સિંહરૂપ થશે એવું ધારીને રાજાએ તેનું **પુરુષસિંહ** નામ પાડ્યું. ધાત્રીજનોએ લાલનપાલન કરેલા તાડ અને ગરુડના ચિહ્નવાળા એ બન્ને કુમારો પરસ્પર ક્રીડા કરતા અને નીલા તથા પીળા વસ્ત્રને ધારણ કરતા વૃદ્ધિ પામવા લાગ્યા. જેમ પોતાની જાતે દાટેલા નિધાનને જ્યારે જોઈએ ત્યારે પ્રાપ્ત કરાય, તેમ તેઓએ ઉપાધ્યાયને માત્ર સાક્ષી કરીને સર્વ કળાઓ સાવધાનપણે પ્રાપ્ત કરી લીધી. અનુક્રમે સ્વર્ગ અને ભૂમિના જાણે પ્રતિમલ્લ હોય તેવા તે બન્ને ભાઈઓ કવચ ધારણ કરીને શોભવા લાગ્યા; અને પરસ્પર સ્નેહધારી તેઓ અશ્વિનીકુમારની જેમ સહોદરપણે રહી પિતા પ્રત્યેની અતિ ભક્તિથી તેના પદાતિની જેમ વર્તવા લાગ્યા.

એકદા કોઈ ગર્વિષ્ઠ એવા સીમાડાના રાજાને સાધવા માટે શિવરાજાએ દિવ્ય અસ્ત્રની જેમ સુદર્શન બલભદ્રને મોકલ્યા. સ્નેહને લીધે તેમના બંધુ પુરુષસિંહ વાસુદેવ પણ તેમની પછવાડે ગયા. પ્રેમનો બંધ વજ્રલેપને અનુસરતો છે. પણ બલભદ્રે મોટા પ્રયત્નથી વાસુદેવને સાથે આવતા રોક્યા, એટલે યૂથમાંથી ભ્રષ્ટ થયેલા હસ્તીની જેમ તે રસ્તામાં જ રહ્યા. વિવિધ વિનોદથી ભ્રાતાના વિયોગનું દુઃખ સહન કરતા વાસુદેવ ત્યાં રહ્યા હતા, તેવામાં પિતા તરફથી એક પુરુષ ત્યાં આવ્યો, અને તેણે પિતાનો લેખ તેમને આપ્યો, એટલે વાસુદેવે તે લેખ મસ્તકપર ધારણ કરી વાંચ્યો. તેમાં 'હે વત્સ! સત્વર અહીં આવ' એવા અક્ષરો જોવામાં આવ્યા. તરત સંભ્રમપણે લેખ લાવનાર પુરુષને પૂછ્યું–'હે દૂત! અમારી બન્ને માતા અને પિતાશ્રી કુશળ છે? મને સત્વર બોલાવવાનું કારણ શું છે?' દૂતે કહ્યું–'આપના પિતાના શરીરમાં મોટો દાહજ્વર ઉત્પન્ન થયો છે, તેથી તમને સત્વર બોલાવે છે.' પિતાના દાહજ્વરની ખબર સાંભળવાથી જાણે સાત કટકા થાય તેવો ઘા વાગ્યો હોય તેમ વાસુદેવ વિધુર થઈ ગયા, અને ત્યાંથી ચાલી નીકળ્યા. સત્પુરુષોને સ્વજનોની પીડા કરતાં વધારે બીજું દુઃખ હોતું નથી.

બીજે જ દિવસે વાસુદેવ પોતાની નગરીમાં આવી પહોંચ્યા. જાતિવંતને તેવું દુઃખ માર્ગમાં

દાવાનળ જેવું થઈ પડે છે. વાસુદેવે જ્વરાર્ત્ત પિતાના ઘરમાં પ્રવેશ કર્યો. તે વખતે ત્યાં યોજાતા, ખંડાતા, ઉકળાતા અને શોધાતા વિવિધ ઔષધોમાં દાસજનો વ્યગ્ર હતા, રસવીર્યના વિપાકને જાણનાર અને ઔષધનું બલાબલ વિચારનારા ચતુર વૈદ્યો પિતાની આસપાસ બેઠેલા હતા, અંગરક્ષકો હાથની સંજ્ઞાથી ઘોંઘાટને અટકાવતા હતા અને દ્વારપાળો ભ્રૂકુટીની સંજ્ઞાથી વૈદ્યલોકોને દૂર બેસવાનું સૂચવતા હતા. આવા ગૃહમાં પ્રવેશ કરી પિતાનું જાણે દુઃખ લેતા હોય તેમ વાસુદેવ તેમના દુઃખથી દુઃખી થઈ ગયા. પછી બે હાથવડે ચરણસ્પર્શ કરીને પિતાને પ્રણામ કર્યા, અને નેત્રમાં અશ્રુ આવવાથી જાણે પિતાને સ્નાન કરાવતા હોય તેમ દેખાવા લાગ્યા. પુત્રના કરસ્પર્શથી શિવરાજાને જરા આશ્વાસન મળ્યું. ઇષ્ટના દર્શનથી સુખ થાય છે, તો સ્પર્શથી થાય તેમાં શું આશ્ચર્ય! પછી શિવરાજા વારંવાર કરવડે પુત્રનો સ્પર્શ કરવા લાગ્યા, અને તેથી જાણે શીતળતા થઈ હોય તેમ અધિક રોમાંચવાળા થયા.

થોડી વારે રાજાએ પૂછ્યું–'હે વત્સ! દાવાનળથી વૃક્ષની જેમ તમારું ઉદર દુર્બળ કેમ થઈ ગયું છે અને અધરપલ્લવ ફીક્કા કેમ પડ્યા છે?' તે વખતે વાસુદેવનો અનુચર બોલ્યો–''હે દેવ! આપની આવી દારુણ દશા સાંભળી પૂરા વેગથી તમને જોવાને માટે ચાલ્યા અને હસ્તી જેમ વિંધ્યાચળનું સ્મરણ કરતો ઉતાવળો ચાલે તેમ તમારું સ્મરણ કરતા તેઓ ભક્તિવડે ભોજન અને જળ છોડી દઈને માત્ર બે દિવસમાં અહીં આવ્યા છે.'' આ પ્રમાણે સાંભળી દ્વિગુણ દુઃખ પામી રાજા બોલ્યા–''વત્સ! ફોલ્લાપર ફોલ્લાની જેમ તમે આવો બીજો અનર્થ કેમ કર્યો? માટે સત્વર પરિવાર સહિત ભોજનનો અવસર સાચવો. સર્વ અર્થને સાધનારી કાયા ભોજનવડે જ ચાલે છે.'' પિતાની વારંવાર આવી આગ્રહયુક્ત આજ્ઞા થવાથી મદવાળા દંતીની જેમ તેણે દુઃખ સહિત કંઈક ભોજન કર્યું, પરંતુ શ્રીખંડ પણ લીધા વગર અને બીજા વસ્ત્ર પણ પહેર્યા વગર દુઃખવડે તપ્ત સ્થળમાં રહેલા નકુલ(નોળીઆ)ના જેવી સ્થિતિ ભોગવતાં માત્ર ભોજન કરીને જ દીન થઈ ગયેલા સર્વ પરિવારને સાથે લઈ પોતાના વાસગૃહમાંથી પગે ચાલી પિતાના વાસગૃહ પાસે આવ્યા. જ્યારે તે પિતૃગૃહમાં પ્રવેશ કરતા હતા, તેવામાં માતાના દ્વારપાળોએ આગળ આવી રુદન કરતાં કરતાં કરુણસ્વરથી વિજ્ઞપ્તિ કરી કે 'હે કુમાર! રક્ષણ કરો, રક્ષણ કરો, હજી મહારાજા જીવતાં છતાં દેવી નઠારો વ્યવસાય કરે છે.' તે સાંભળી વાસુદેવ સંભ્રમ પામી માતૃગૃહમાં આવ્યા. ત્યાં માતાને નીચે પ્રમાણે વચનો બોલતાં જોયા–

''પતિના પ્રસાદથી મોટા રત્નરાશિ, અનંત સુવર્ણ, રૂપાના સંચય, મોતી, હીરા, જાતિવાન રત્નોથી જડિત એવા હજારો પોશાક અને તે સિવાય જે સર્વ ખજાનો મેળવેલો છે, તે સર્વ સાત ક્ષેત્રમાં અર્પણ કરો; કારણ કે મહા માર્ગે પ્રયાણ કરનારને એ મુખ્ય પાથેય છે. પતિના મરણ પામ્યા પછી હું જરાવાર પણ વૈધવ્યને સહન કરી શકું તેમ નથી, તેથી હું તેમની આગળ જ જવા ઇચ્છું છું, માટે હે સેવકો! તમે સત્વર અગ્નિ સજ્જ કરો.'' આ પ્રમાણે મહા દુઃખ ઉત્પન્ન કરનારા શબ્દો માતા બોલતા હતા, તેની પાસે જઈને વાસુદેવે ગદ્‌ગદ સ્વરે કહ્યું–''અરે! માતા! માતા! શું તમે પણ આ મંદ ભાગ્યવાળા પુત્રને છોડી દેશો? અહા! મારું ભાગ્ય કેવું વિપરીત છે કે માતાએ પણ આમ કરવા માંડ્યું?'' એટલે અંમકામાતા બોલ્યા–''અરે પુત્ર! તારા પિતાના રોગની મેં

બરાબર પરીક્ષા કરી છે. તે રોગ અવશ્ય તારા પિતાના પ્રાણ લેવાને આવ્યો છે, અને 'વિધવા' એવા અક્ષરને સાંભળવાને હું ક્ષણવાર પણ સમર્થ નથી, તેથી તારા પિતાની પહેલાં કસુંબાના વસ્ત્ર ઓઢીને હું તો ચાલી જઈશ. વળી મહારાજા શિવરાજાની પત્ની થઈને તથા તારા જેવા પાંચમા વાસુદેવરૂપ પુત્રને જન્મ આપીને મારો જન્મ કૃતાર્થ થયો છે. તેમજ જ્યારે પતિનું મૃત્યુ થશે, ત્યારે મારા પ્રાણ પોતાની મેળે ચાલ્યા જશે, તો હું તેમ ન થવા દેતાં અગાઉથી જ અગ્નિમાં પ્રવેશ કરીને તેનો ત્યાગ કરું, જેથી મારા સત્વની હીનતા ન કહેવાય. માટે હે વત્સ! ક્ષત્રિય જાતિના કુળાચાર પ્રમાણે આચરણ કરતી એવી મને આ કાર્યમાં વાત્સલ્યપણાથી પણ તું અંતરાય કરીશ નહીં. હે પુત્ર! મારી આશિષથી સુદર્શન બંધુની સાથે તું આનંદ પામીશ. હું હવે અગ્નિમાર્ગે પતિની આગળ જઈશ, માટે હું તને એક છેલ્લી પ્રાર્થના કરું છું કે આ વિધિમાં નિષેધ કરે તેવું તારે કાંઈ પણ હવે કહેવું નહીં.'' આ પ્રમાણે કહી સ્વામીના મૃત્યુખબર સાંભળવાને કાયર એવા વાસુદેવની માતા અંમકાદેવી પરલોકરૂપ નગરના દ્વારરૂપ અગ્નિમાં પ્રવેશ કરવાને ત્યાંથી ગયા.

ઉપરાઉપરી પડતા દુઃખોવડે જેનું અંગ શિથિલ થઈ ગયું છે એવા વાસુદેવ ત્યાંથી સરખી ભૂમિમાં પણ પગલે પગલે સ્ખલના પામતા પિતાની પાસે આવ્યા. પોતાની માતાને સંભારતા અને પિતાને આતુર જોતા વાસુદેવ દુઃખને સહન ન કરી શકવાથી પોતાના આત્માને નપુંસક જેવો માની પૃથ્વીપર ઢળી પડ્યા. પુત્રની આવી સ્થિતિ જોઈને શિવરાજા દાહજ્વરથી પીડિત હતા તોપણ ધૈર્ય ધરીને બોલ્યા–''હે વત્સ! આપણા કુળને અનુચિત એવી કાયરતા તમે કેમ ધરો છો? હે વત્સ! આ પૃથ્વી તમારી ભુજાના આધારવાળી છે, તો ધૈર્ય છોડીને તેના પર પડતાં તમને લજ્જા કેમ આવતી નથી? હે પુત્ર! તું જ્યારે ધૈર્યને છોડી દઈશ ત્યારે તારું 'પુરુષસિંહ' એવું નામ પાડનાર મારામાં અજ્ઞાનકારીપણું પ્રાપ્ત થશે.'' આ પ્રમાણે આશ્વાસન આપી પવિત્ર હૃદયવાળા શિવરાજા કાળધર્મ પામી ગયા. કાળને જીતવાને કોણ સમર્થ છે? પિતાના મરણના ખબર સાંભળવાથી, વાયુથી વૃક્ષની જેમ અને વાયુરોગીની જેમ તેના શોકવડે વાસુદેવ ફરીને પૃથ્વીપર ઢળી પડ્યા. થોડીક વારે જળકુંભવડે જળ છાંટતાં તેમણે સંજ્ઞા પ્રાપ્ત કરી. 'હે તાત! હે તાત!' એમ આક્રંદ કરતા તે બેઠા થયા, અને બોલવા લાગ્યા–''હે પિતા! આ તમારું શરીર આજે ઉષ્ણ જણાતું નથી, તે કયા ઔષધનો ગુણ છે? તમને કયા વૈદ્યની પ્રતીતિ થઈ છે? અથવા આજે કેમ સુખનિદ્રા કરી છે? તે પ્રસાદ કરીને મને કહો.'' આ પ્રમાણે સ્નેહમાં મોહિતપણાથી કહી કહીને વાસુદેવે વિલાપ કરવા માંડ્યો. પછી ગોત્રવૃદ્ધ પુરુષોના સમજાવવાથી ધૈર્ય ધરી વાસુદેવે અગરુ ચંદનના કાષ્ઠવડે પિતાના અંગને અગ્નિસંસ્કાર કર્યો. પછી જલાંજલિ આપવા વગેરે ઉત્તરક્રિયા કરી સભામાં આવીને બલભદ્ર ઉપર પિતાના મૃત્યુને સૂચવનારો પત્ર લખી મોકલાવ્યો. તે લેખ વાંચી ગર્વિષ્ઠ એવા સીમાડાના રાજાને સાધી બલભદ્ર દુઃખી થઈને સત્વર ત્યાંથી ચાલી નીકળ્યા. પોતાને નગરે આવી બન્ને ભાઈઓ પરસ્પર કંઠે વળગી છૂટે કંઠે રુદન કરતા સર્વ સભાને પણ રોવરાવવા લાગ્યા. પછી આપ્તજનોએ બોધ કરવાથી તેઓ માંડમાંડ ધૈર્ય પામ્યા, અને ધીમે ધીમે પિતાના સ્નેહને ભૂલવા લાગ્યા, તોપણ ઊભા રહેતાં, બોલતાં, ચાલતાં અને મૌન ધરતાં તેઓ પોતાની દૃષ્ટિની આગળ ધ્યેય વસ્તુની પેઠે પિતાને જ જોતા હતા.

આ પ્રમાણે તેઓ પિતાના શોકથી આકુળવ્યાકુળ રહેતા હતા, તેવામાં ત્યાં નિશુંભ પ્રતિવાસુદેવનો દૂત આવ્યો. દ્વારપાળે પ્રથમ ખબર કરી અને આજ્ઞા મેળવીને પ્રવેશ કરાવ્યો. એટલે તે દૂતે નમસ્કાર કરી બલદેવ અને વાસુદેવને કહ્યું–''શિવરાજાનો સ્વર્ગવાસ લોકોના મુખથી સાંભળી તમારા સ્વામી નિશુંભને ઘણો શોક થયો છે. તેથી તમારા પિતાની ભક્તિ સંભારીને એ કૃતજ્ઞ શિરોમણિ મહારાજાએ આ પ્રમાણે સંદેશો કહેવા મને તમારી પાસે મોકલ્યો છે કે–અદ્યાપિ તમે બન્ને બાળક છો, શત્રુના પરાભવનું સ્થાન છો અને મેં અર્પણ કરેલું તમારા પિતાનું પદ મોટું છે, માટે તમે મારી પાસે આવીને નિરુપદ્રવપણે રહો; કેમકે નદીમાં રહેલાને દાવાનળ શું કરી શકે તેમ છે? વળી ઘણા લાંબા કાળ પર્યંત કરેલી તમારા પિતાની ભક્તિના ઋણમાંથી મુક્ત થવાને ઇચ્છતા એવા મારે તમને લઘુ છતાં મોટા કરવા છે.'' આવો દૂતનો સંદેશો સાંભળીને તેમને અત્યંત કોપ ઉત્પન્ન થયો અને શોક નિવૃત્ત થઈ ગયો; કારણ કે બળવાન રસ પણ બીજા રસથી બાધ પામી જાય છે. પછી ભ્રૂકુટી ચડાવી, લલાટપર વિકૃતિ બતાવી, સિંહ જેવા પુરુષસિંહે ક્રોધ લાવીને કહ્યું–''ઇક્ષ્વાકુ વંશમાં ચંદ્ર સમાન અને સર્વ વિશ્વના ઉપકારી એવા અમારા પિતાના મૃત્યુથી કોણ શોકનું સ્થાન થયું નથી? બીજા રાજાઓએ શોક કર્યો છે અને નિશુંભે પણ શોક કર્યો છે, પણ તે નિશુંભ આવો સંદેશો ન મોકલાવે તો તેથી તેની પિશુનતા થાય. સિંહના બાળકને કોણ દેશ આપે છે? કોણ તેને ઉછેરે છે? અને તેનો પરાભવ કોનાથી થાય છે? અત્યારે અમારી પાસે આ પ્રમાણે બોલતો તે કેમ લજ્જા પામતો નથી? આપ્તપણાના મિષથી તે ખરેખર અમારું અપમાન કરનાર શત્રુ છે. કદી તારો સ્વામી અમારો મિત્ર હો, અમિત્ર હો કે ભલે ઉદાસી હો, અમે તેમાં નિરપેક્ષ છીએ; કારણકે ભુજપરાક્રમી વીરોને પોતાની ભુજાની જ અપેક્ષા છે.''

કુમારના આવા વચનો સાંભળી દૂત બોલ્યો–''તે પિતા સમાન અમારા સ્વામીને શત્રુરૂપ માનતા એવા તમે પોતાના કલ્યાણમાં અકલ્યાણની ઇચ્છા કરી તમારું બાળકપણું સ્પષ્ટ રીતે બતાવો છો. અરે કુમાર! હજુ તમે રાજનીતિ જાણતા નથી. શા માટે હાથે કરી ઉદર ચોળીને શૂળ ઉત્પન્ન કરો છો? હું તમારા વચનો મારા સ્વામીને કહીશ નહીં. હજુ મારું વચન માનો અને તેના પ્રસાદથી બંધુ સહિત તમારું ક્ષેમકુશળ લાંબા કાળ સુધી થાઓ, નહીં તો થોડા સમયમાં એ તમારો શત્રુ થશે અને જ્યારે યમરાજાની પેઠે તે રોષ કરશે, ત્યારે તમારે જીવિતમાં પણ સંશય થઈ પડશે.'' દૂતનાં આવાં વચનોથી વાસુદેવને વિશેષ ક્રોધ ઉત્પન્ન થયો અને કહ્યું–''અરે દૂત! તું પોતાના જીવિતમાં પણ અપેક્ષા રહિત એવો ખરેખરો દૂત છે. વાણીના પ્રપંચમાં ચતુર એવા તારા જેવા દૂતની વાણી માત્ર ફણાટોપ કરનારા નિર્વિષ સર્પની જેમ બીકણ રાજાઓને બિવરાવે છે. અરે દૂત! જા, મારા કહેલા વચનો ગોપવીશ નહીં, બધા તારા સ્વામીને કહેજે; તે કદી અમારો શત્રુ થશે તો અમોએ તેને વધ્યકોટીમાં પરિપૂર્ણ રીતે ગણી લીધેલો જ છે.''

વાસુદેવનાં આવાં વચનથી દૂત ત્યાંથી ઊભો થયો, અને વેગથી નિશુંભની પાસે આવી તે સર્વ યથાર્થ કહ્યું. તે સાંભળી શત્રુનો વિનાશ કરનાર નિશુંભને ઘણો ક્રોધ ચડ્યો. તત્કાળ સેનાવડે પૃથ્વીને આચ્છાદન કરતો તે અશ્વપુર ઉપર ચડી આવ્યો. નિશુંભને આવેલો સાંભળી શત્રુનો વિજય કરનાર વાસુદેવ પોતાના જ્યેષ્ઠ બંધુને સાથે લઈ સદ્ય સર્વ સૈન્ય સહિત સામા ચાલ્યા. પરસ્પર

મંથન કરવાને ઉદ્યત થયેલા નિશુંભ અને પુરુષસિંહ હાથીની જેમ અર્દ્ધમાર્ગે એકઠા થયા. બન્નેના સૈનિકો ભૂમિ અને આકાશને ક્ષોભ કરતા, સિંહનાદ, ધનુષ્યના ટંકાર તથા હાથોનું આસ્ફાલન કરતા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. પોતાના શરીરની રક્ષા કરવામાં અપેક્ષા રહિત એવી બન્ને અક્ષૌહિણી સેનાનો ક્ષય પ્રલયકાળની પેઠે ક્ષણવારમાં થઈ ગયો; પછી બલભદ્ર જેની પાછળ છે એવા વાસુદેવે રથમાં બેસીને પવનવડે અગ્નિની જેમ પાંચજન્ય નામનો શંખ પૂર્યો. પડતા વજ્રના ઘોર શબ્દના જેવા તે શંખના મોટા નાદથી શત્રુનું સર્વ સૈન્ય ક્ષોભ પામી પડી ગયું. તે વખતે 'અરે! પોતાના આત્માને સુભટ માનનારા વાસુદેવ! ઊભો રહે.' આ પ્રમાણે કહેતો મહારથી પ્રતિવાસુદેવ વાસુદેવની સાથે યુદ્ધ કરવા સામો આવ્યો. બન્ને વીરો કોપથી પોતાની ભ્રૂકુટી ચઢાવી ભય પમાડતા પોતપોતાના ધનુષ્યનું આસ્ફાલન કરવા લાગ્યા. પછી મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરે તેમ બન્ને વીરો બાણવૃષ્ટિ કરીને સિંહનાદવડે મૃગલીને ત્રાસ ઊપજે તેમ ખેચરની સ્ત્રીઓને ત્રાસ પમાડવા લાગ્યા. આંતરા રહિત પડતા એવા તેમના બાણસમૂહથી રણભૂમિ બરૂના વૃક્ષથી છવાયેલા સમુદ્રના વિલાસને ધારણ કરવા લાગી. યુદ્ધરૂપી સાગરમાં તિમિંગલરૂપ એ વીરો કરમુક્ત, યંત્રમુક્ત અને મુક્તામુક્ત એવા આયુધોવડે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે નિશુંભે જાજ્વલ્યમાન જ્વાળારૂપ જિહ્વાવાળું અને તીક્ષ્ણ ધારવડે વિકરાળ એવું પોતાનું ચક્ર, ઇંદ્ર જેમ વજ્રને સંભારે તેમ સંભાર્યું. સ્મરણ કરતાં જ પ્રાપ્ત થયેલા તે ચક્રને અંગુલિથી આકાશમાં ભમાડતો નિશુંભ ક્ષોભ પમાડે તેવું વચન ગર્વથી બોલ્યો–"અરે કુમાર! તું અનુકંપા કરવા યોગ્ય છે અને બાળક છે, તેથી અહીંથી નાસી જતાં તને શી લજ્જા છે? માટે ચાલ્યો જા, અથવા મારી સેવા કર. શું તને એક શ્વાન પણ સારો વિચાર આપનાર નથી? આ ચક્ર મૂકવાથી હું પર્વતોને પણ ફાડી નાંખું, તો નવીન કુષ્માંડના[1] જેવા કોમળ શરીરવાળા તારી તો શી વાત કરવી?"

આવાં વચન સાંભળી પુરુષસિંહ કુમારે કહ્યું–"હવે અતિ ગર્વવાળા એવા તારું અને ચક્રનું વીર્ય જોવાનું બાકી છે. બીજાં અસ્ત્રોથી તેં શું કર્યું છે? અત્યારે મેઘ જેમ ઇંદ્રધનુષ્યને ધારણ કરે તેમ તેં આ ચક્રને ધારણ કરેલું છે, પણ હે મૂઢ! તે મને શું કરવાનું છે? તેને છોડ, હું તેનું પણ અમોઘપણું જોઉં." આવાં વાસુદેવનાં કઠોર વચનો સાંભળી નિશુંભે તેને મારવાની ઇચ્છાથી સર્વ બળવડે ચક્ર મૂક્યું. તે ચક્ર પોતાના અગ્ર ભાગવડે વાસુદેવના હૃદયમાં વેગથી અથડાઈ, વિંધ્યાદ્રિના તટમાં મોટા ગજની જેમ નિષ્ફળ થઈ ગયું. તેના આઘાતથી વાસુદેવ નેત્ર મીંચી મૂર્છા પામીને પડી ગયા. બલભદ્રે ગોશીર્ષ ચંદનથી સિંચન કર્યું, એટલે થોડીવારમાં પાછા ઊઠી, સંજ્ઞા પ્રાપ્ત કરીને હાથવડે તે જ ચક્ર લઈ 'અરે! ઊભો ન રહે, જતો રહે, જતો રહે,' એમ નિશુંભને કહેવા લાગ્યા; પણ સામેથી 'છોડ, છોડ,' એમ વચનો આવતાં વાસુદેવે ચક્ર છોડ્યું, અને પ્રતિવાસુદેવ નિશુંભનું મસ્તક તે પાંચમા વાસુદેવે તે ચક્રવડે છેદી નાંખ્યું. તત્કાળ પરાક્રમીઓમાં મુગટરૂપ એ વાસુદેવના ઉપર જયલક્ષ્મીના હાસ્ય જેવી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. પછી તે જ પ્રમાણે ફરીને વાસુદેવે ભરતાર્દ્ધને સાધી લીધું. મહાત્માઓનો વ્યવસાય સહસા રીતે જ ફળે છે. દિગ્યાત્રા કરીને પાછા ફરતાં વાસુદેવ મગધદેશમાં આવ્યા. ત્યાં એક લીલામાત્રમાં મૃત્તિકાના પાત્રની જેમ ભુજાવડે

૧. કુષ્માંડ-કોળાનું ફળ

કોટીશિલાને ધારણ કરી. ત્યાંથી અશ્વસૈન્યવડે પૃથ્વીને આચ્છાદન કરતા અશ્વપુર આવ્યા; અને સ્થાને સ્થાને નગરસ્ત્રીઓથી પૂજાતા વાસુદેવે પુરમાં પ્રવેશ કર્યો. ત્યાં બલભદ્રે અને બીજા ભક્તિવાળા રાજાઓએ વાસુદેવનો અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

તે સમયમાં **ધર્મનાથ પ્રભુ** બે વર્ષ સુધી છદ્મસ્થપણે વિહાર કરી ફરતાં ફરતાં જ્યાં દીક્ષા લીધી હતી તે પ્રકાંચન નામના ઉપવનમાં આવ્યા. ત્યાં દધિપર્ણ વૃક્ષની નીચે ધ્યાન કરતાં પ્રભુને પોષમાસની પૂર્ણિમાને દિવસે પુષ્યનક્ષત્રમાં ચંદ્ર આવતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તરત જ તે સ્થાનકે દેવતાઓએ રચેલા સમવસરણમાં પ્રભુએ દેશના આપી, અને **અરિષ્ટ** વગેરે તેંતાળીશ ગણધરો કર્યા. તેમના શાસનમાં ત્રણ મુખવાળો, કાચબાના વાહનવાળો, દક્ષિણ ભુજાઓમાં બિજોરું, ગદા અને અભયને ધરનારો તથા વામ ભુજાઓમાં નકુળ, પદ્મ અને અક્ષમાળાને ધરનારો રક્તવર્ણી અને તેજસ્વી **કિન્નર** નામનો યક્ષ શાસનદેવતા થયો; અને ગૌર અંગવાળી, મત્સ્યના વાહનવાળી, બે દક્ષિણ ભુજામાં ઉત્પલ અને અંકુશ તથા બે વામભુજામાં પદ્મ અને અભયને ધરનારી **કંદર્પા** નામે યક્ષણી શાસનદેવી થઈ. એ બન્ને નિરંતર પ્રભુની પાસે રહેવા લાગ્યા. આ બન્ને શાસન-દેવતાથી સેવાતા ધર્મનાથ પ્રભુ પૃથ્વી પર વિહાર કરતા અનુક્રમે અશ્વપુરે આવ્યા. તત્કાળ ઇંદ્રાદિક દેવતાઓએ જેમાં પાંચસો ચાળીશ ધનુષ્ય ઊંચું અશોકવૃક્ષ છે એવું સમવસરણ રચ્યું. પ્રભુએ તેમાં પ્રવેશ કરીને ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી અને તીર્થને નમન કરીને પૂર્વ દિશામાં સિંહાસનપર બેઠા. બીજી ત્રણ દિશાઓમાં વ્યંતર દેવતાઓએ પ્રભુના જેવાં જ ત્રણ પ્રતિબિંબો રત્નસિંહાસન પર વિકુર્વ્યાં. પ્રભુની પર્ષદામાં ચતુર્વિધ સંઘ પહેલા વપ્રમાં યોગ્ય સ્થાને બેઠો, બીજા વપ્રમાં તિર્યંચો રહ્યા, અને ત્રીજા વપ્રમાં વાહનો ગોઠવાયાં.

તત્કાળ સેવકપુરુષોએ આવીને પ્રફુલ્લિત નેત્રે પ્રભુ સમવસર્યાનાં સમાચાર પુરુષસિંહ વાસુદેવને કહ્યા. તેમને સાડાબાર કોટી દ્રવ્ય ઇનામમાં આપી પુરુષસિંહ વાસુદેવ, સુદર્શન બળદેવ સહિત સમવસરણમાં આવ્યા. ત્યાં પ્રભુને ભક્તિપૂર્વક પ્રદક્ષિણા અને નમસ્કાર કરીને વાસુદેવ જ્યેષ્ઠ બંધુ સાથે ઇંદ્રની પછવાડે બેઠા. પછી ઇંદ્ર, વાસુદેવ અને સુદર્શન ફરી વાર સ્વામીને નમી પ્રભુની ભક્તિથી અસંતુષ્ટ હોય તેમ હર્ષથી સ્તુતિ કરવા લાગ્યા–

"જગતના નેત્રરૂપ, ચકોર પક્ષીને આનંદ આપવામાં ચંદ્રરૂપ અને મિથ્યાત્વરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્યરૂપ એવા હે જગત્પતિ ધર્મનાથ પ્રભુ! તમે વિજય પામો. હે નાથ! તમે છદ્મસ્થપણે ચિરકાળ રહ્યા તે છતાં છદ્મ (કપટ) રહિત છો, અને અનંત દર્શન છતાં અનેક દર્શનને બાધ કરનારા છો. તમારી દેશનારૂપ જળના પૂરથી જેમનો આત્મા પ્લાવિત થયેલો છે તે પ્રાણીઓની કર્મની મલિનતા તત્કાળ ધોવાઈ જાય છે. જેવી રીતે તમારા ચરણમૂળની છાયાથી પ્રાણીઓના સંતાપ શમી જાય છે, તેવી રીતે મેઘ અને વૃક્ષની છાયામાં પણ સંતાપ શમતો નથી. હે પ્રભુ! તમારા દર્શન કરવાથી થયેલા નિઃસ્પંદ શરીરવાળા પ્રાણીઓ જાણે કોતરેલી પૂતળીઓ હોય તેવા જણાય છે. હે જગદ્‌બંધુ! આ ત્રણ જગત સ્વભાવાદિની કેટલીક વિરુદ્ધતાથી જુદું જુદું છે, પણ આજે તમારા પ્રભાવથી એકત્ર મળી જઈને બંધુરૂપે થઈ ગયેલું છે. આ ત્રિખંડ ભરતક્ષેત્રના મૂળ સ્થાનના દેવતારૂપ હે પ્રભુ! જેમને બીજું કોઈ શરણ નથી એવા અમારી તમે રક્ષા કરો. હે

જગત્પતિ! અમે તમને વારંવાર પ્રાર્થીએ છીએ કે હમેશાં તમારા ચરણકમળમાં અમારું મન ભ્રમરની જેમ ચેષ્ટા કરો.''

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વિરામ પામ્યા, પછી ભગવાન ધર્મનાથ પ્રભુએ આ પ્રમાણે ધર્મદેશના આપી–

''ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગમાં મોક્ષવર્ગ અગ્રણી છે. તેનો યોગ કરાવનાર કારણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્ન છે. તત્ત્વને અનુસરનારી મતિ તે જ્ઞાન, સમ્યક્ પ્રકારની શ્રદ્ધા તે દર્શન અને સર્વ સાવદ્ય યોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે. પ્રાણીનો આત્મા જ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ છે, અથવા તાદાત્મ્યપણે જ તે શરીરમાં રહેલો છે. મોહના ત્યાગ થકી જે પોતાના આત્મા વડે આત્માને વિષે આત્માને જાણે છે તે જ તેના જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. આત્માને અજ્ઞાનપણાથી ઉત્પન્ન થયેલ દુઃખ આત્મજ્ઞાન વડે જ હણાય છે. જે આત્મજ્ઞાનથી રહિત છે તે તપ કરવા વડે પણ અજ્ઞાનજનિત દુઃખને છેદી શકતો નથી. આ આત્મા ચૈતન્ય (જ્ઞાન) રૂપ છે, પણ કર્મના યોગથી શરીરધારી થાય છે, અને જ્યારે ધ્યાનરૂપી અગ્નિથી કર્મમાત્ર દગ્ધ થઈ જાય છે ત્યારે તે નિરંજન સિદ્ધાત્મા બને છે. કષાય અને ઇંદ્રિયોથી જિતાયેલો આ આત્મા જ સંસાર છે; અને કષાય તથા ઇંદ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે–એ પ્રમાણે વિદ્વાનો કહે છે. તે કષાયો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે છે; અને તે પ્રત્યેકના સંજ્વલન વગેરે [1]ચાર ચાર ભેદ છે. તેમાં સંજ્વલન એક પક્ષ સુધી, પ્રત્યાખ્યાની ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાની વર્ષ સુધી અને અનંતાનુબંધી આખા જન્મ સુધી સ્થિતિ કરે છે; તે અનુક્રમે વીતરાગપણું, મુનિપણું, શ્રાવકપણું અને સમ્યગ્દૃષ્ટિપણું હણે છે–રોકે છે અને દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નારકીપણું આપે છે.

તેમાં ક્રોધ નામે કષાય ઉપતાપ કરનાર, વૈરનું કારણ, દુર્ગતિને આપનાર અને સમતાસુખને અટકાવનાર ભોગળરૂપ છે. તે ઉત્પન્ન થતાં જ અગ્નિની પેઠે પ્રથમ પોતાના આશ્રયને તો બાળે જ છે, પછી બીજાને બાળે છે કિંવા નથી પણ બાળતો. આઠ વર્ષે ઊન પૂર્વકોટી વર્ષો પર્યંત ચારિત્ર અને તપ કરેલું હોય તો તેને પણ ક્રોધરૂપી અગ્નિ ક્ષણવારમાં દહન કરી નાખે છે. પૂર્વના પુણ્યસંભારથી સંચય કરેલું શમતારૂપ પય ક્રોધરૂપ વિષના સંપર્કથી તત્કાળ અસેવ્ય થઈ જાય છે. વિચિત્ર ગુણને ધારણ કરનારી, ચારિત્રરૂપ ચિત્રની રચના (ચિત્રશાળી)ને ક્રોધરૂપ ધુમાડો પ્રસરીને અત્યંત મલિન કરી નાખે છે. વૈરાગ્યરૂપી શમીપત્રના પડીઆમાં જે શમતાનો રસ મેળવ્યો હોય તે શાકપત્રના પડીઆમાંથી આવા ક્રોધવડે તે રસ કેમ ઢળી ન જાય? વૃદ્ધિ પામેલો ક્રોધ શું શું અકાર્ય નથી કરતો? આગામી કાળે દ્વૈપાયનના ક્રોધરૂપ અગ્નિમાં મોટી દ્વારકાનગરી સમિધરૂપ થઈ જશે. ક્રોધ કરનારને ક્રોધ કરવાથી કાર્યસિદ્ધિ થતી જોવામાં આવે છે, પરંતુ તે ક્રોધ સાથે સંબંધ ધરાવતી નથી; અર્થાત્ તે ક્રોધના ફળરૂપ નથી પણ જન્માંતરે મેળવેલા તેના સારા કર્મનું ફળ છે. જે પ્રાણીઓ આ લોકના અને પરલોકના તથા સ્વાર્થના અને પરાર્થના નાશને કરનારા ક્રોધને પોતાના શરીરમાં ધારણ કરે છે તેમને વારંવાર ધિક્કાર છે! ક્રોધાંધ પુરુષો પિતાને, માતાને, ગુરુને, સુહૃદ(મિત્ર)ને, સહોદરને અને સ્ત્રીને તેમજ પોતાના આત્માને પણ નિર્દય થઈને હણી નાખે છે.

૧. સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધી એ ચાર ભેદ

આવા ક્રોધરૂપ અગ્નિને સત્વર બુઝાવવાને માટે ઉત્તમ પુરુષોએ સંયમરૂપ આરામને વિષે નીકરૂપ એક ક્ષમાનો જ આશ્રય કરવો. અપકાર કરનાર પુરુષની ઉપર થયેલો ક્રોધ બીજી રીતે રોકી શકાતો નથી, પણ સત્ત્વના માહાત્મ્યવડે જ રોકી શકાય છે અથવા આવી ભાવના રાખે તો તેનાવડે રોકી શકાય છે કે–જે પોતે પાપને અંગીકાર કરી આપણને બાધા કરવાની ઇચ્છા કરે છે તે પોતાના કર્મથી હણાઈ ગયો છે તો તેની ઉપર કયો મૂર્ખજન પણ કોપ કરે? જો તારો એવો આશય હોય કે 'જે મારા અપકારી છે તેની ઉપર તો હું કોપ કરીશ' તો તને નિરંતર દુઃખ આપવામાં ખરેખરા કારણભૂત તારા કર્મની ઉપર શા માટે કોપ કરતો નથી? શ્વાન ઢેફું નાખનારને નહીં કરડવા જતાં ઢેફાને બચકાં ભરે છે, પણ કેસરીસિંહ બાણને કાંઈ કરતો નથી પણ બાણ નાખનારને જ મારે છે. માટે ક્રોધ કરનારે વિચાર કરવો કે જે મારા ક્રૂર કર્મોએ પ્રેરેલો શત્રુ મારી ઉપર કોપ કરે છે તે કર્મોની ઉપેક્ષા કરીને હું બીજા પર ક્રોધ કરું છું; તેથી ખરેખર હું શ્વાનની રીતિનો જ આશ્રય કરું છું. ભવિષ્યકાળમાં ઉત્પન્ન થનાર શ્રી મહાવીર ભગવાન પોતાને ઉપસર્ગાદિ કરનારા પાપીઓની ઉપર ક્ષમા કરશે, કેમકે વગર પ્રયાસે સ્વયમેવ પ્રાપ્ત થયેલી ક્ષમાને વહન કરવા કોણ ન ઇચ્છે? જે ત્રણ લોકને પ્રલયમાંથી પણ રક્ષણ કરવાને સમર્થ છે તેવા પુરુષો પણ ક્ષમા કરે છે, તો કદળીના જેવો અલ્પ સત્ત્વવાળો તું ક્ષમા કેમ કરતો નથી? વળી તેં પૂર્વ જન્મે એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી તને કોઈ પીડે જ નહીં? માટે હવે પોતાના પ્રમાદનો જ શોક કરીને ક્ષમાને અંગીકાર કર. ક્રોધાંધ મુનિ અને પ્રચંડ ચાંડાળ તે બેની વચ્ચે કાંઈ પણ અંતર નથી, માટે ક્રોધનો ત્યાગ કરીને ઉજ્જ્વળ બુદ્ધિને ગ્રહણ કરો. એક મહર્ષિ ક્રોધી હતા અને કુરગડુ અક્રોધી હતા, તો દેવતાઓએ મહર્ષિ મુનિને છોડીને કુરગડુની સ્તુતિ કરી.[1] કદી જો કોઈ આપણને મર્મપીડક વચન કહે તો આપણે વિચારવું કે 'જો એ સત્ય હોય તો તેમાં કોપ કરવા જેવું શું છે? અને જો અસત્ય હોય તો તે ઉન્મત્ત થઈને બોલે છે તો તેનો વિચાર શો?' જો કોઈ આપણને મારવા આવે તો મનમાં વિસ્મય પામી હસવું 'કે મારો વધ થવો એ તો મારા કર્મને સાધ્ય છે, આ મૂર્ખ પુરુષ તો ફોગટનો નાચે છે.' જો કોઈ ખરેખર મારી નાખવા આવે તો વિચારવું કે 'મારા આયુષ્યનો જ ક્ષય પ્રાપ્ત થયો જણાય છે, તો આ દુષ્ટ નિર્ભય થઈને પાપ બાંધે છે અને મરેલાને જ મારે છે.' જો સર્વ પુરુષાર્થને ચોરનારા ક્રોધની ઉપર તને ક્રોધ ઉત્પન્ન નથી થતો તો પછી અલ્પ અપરાધ કરનારા, બીજાની ઉપર કોપ કરનારા એવા તને ધિક્કાર છે! તેથી સારી બુદ્ધિવાળા પુરુષે સર્વ ઇંદ્રિયોને ગ્લાનિ કરનાર અને ચારે તરફ પ્રસરતા એવા કોપરૂપી સર્પને ક્ષમારૂપી જાંગુલી વિદ્યાવડે જીતી લેવો.

વિનય, શ્રુત, શીલ તથા ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને મોક્ષ)નો ઘાત કરનાર માન પ્રાણીના વિવેકરૂપી લોચનનો લોપ કરીને તેને અંધ કરી નાખે છે. જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતનો મદ કરનાર પુરુષ તે તે વસ્તુનું હીનપણું પ્રાપ્ત કરે છે. ઉત્તમ, મધ્યમ અને અધમ એવા જાતિના અનેક ભેદને જોઈને કયો વિદ્વાન જાતિમદ કરવા તત્પર થશે? હીન કે ઉત્તમ જાતિ કર્મથી પ્રાપ્ત થાય છે, તો એવી અશાશ્વત જાતિને મેળવીને કોને મદ થાય? અંતરાય કર્મનો ક્ષય થવાથી લાભ થાય છે, તે સિવાય થતો નથી; તેથી વસ્તુતત્ત્વને જાણનારો પુરુષ કદી પણ લાભમદ

૧. આ દૃષ્ટાંત હવે પછી બનનાર છે.

કરતો નથી. બીજાની પ્રસન્નતા અને શક્તિ વગેરે[1] મોટો લાભ પ્રાપ્ત થાય તોપણ મહાત્માઓ કદી પણ લાભમદ કરતા નથી. કુળવાન નહીં છતાં પણ બુદ્ધિ, લક્ષ્મી અને શીલવડે શોભતા એવા અનેક પુરુષોને જોઈને મહા કુલીન પુરુષોએ પણ કુળમદ કરવો નહીં; સારા કુળમાં ઉત્પન્ન થયા છતાં કુશીલ હોય તો તેને કુળથી શું? અને પોતે સુશીલ છે તો તેને કુળની શી અપેક્ષા? એવું વિચારીને વિચક્ષણ પુરુષો કુળમદ કરતા નથી. વજ્રધારી ઇંદ્રને ઘેર ત્રિભુવનના ઐશ્વર્યની સંપત્તિ સાંભળીને નગર, ગામ અને ધન વગેરેના ઐશ્વર્યમાં શો મદ કરવો? સંપત્તિ કુલટા સ્ત્રીની પેઠે ગુણી પુરુષની પાસેથી પણ વખતે ચાલી જાય છે અને દોષવાનનો પણ આશ્રય કરે છે, તેથી વિવેકી પુરુષોને ઐશ્વર્યની પ્રાપ્તિથી તેનો મદ થતો જ નથી. મોટો બળવાન હોય તેને પણ રોગાદિક ક્ષણવારમાં નિર્બળ કરી નાખે છે, તેથી તેવા અનિત્ય બળની પ્રાપ્તિથી પુરુષોએ મદ કરવો યુક્ત નથી. જે બળવાન હોય તે પણ જરાની પાસે, મૃત્યુની પાસે અને કર્મફળને ભોગવવામાં નિર્બળ જ છે, એમાં કાંઈ તેનું બળ ચાલતું નથી; માટે તેઓએ બળમદ કરવો તે વ્યર્થ છે. આ સાત ધાતુમય દેહમાં હાનિવૃદ્ધિરૂપ ધર્મ રહેલો છે અને જરા તથા રોગનો પરાભવ પણ રહેલો છે. તેથી અશાશ્વત એવા રૂપના મદને કોણ વહન કરે? ભવિષ્યકાળમાં થનારા સનત્કુમાર ચક્રીનું રૂપ અને તેનો ક્ષય સાંભળીને કયો વિદ્વાન પુરુષ સ્વપ્નમાં પણ રૂપનો મદ કરે? શ્રી ઋષભદેવે કરેલી અને શ્રી વીરપ્રભુ હવે પછી કરશે તે તપસ્યા સાંભળીને પોતાના સ્વલ્પ તપમાં કોને મદ થાય તેમ છે? જે તપ કરવાથી તત્કાળ કર્મનો સંચય તૂટી જાય છે તે તપનો મદ કરવાથી ઊલટો કર્મનો સંચય વધે છે. પૂર્વે મહાપુરુષોએ જે શાસ્ત્રો પોતાની બુદ્ધિથી રચેલા છે તેઓને માત્ર લીલાવડે સૂંઘીને 'હું સર્વજ્ઞ છું,' એવો જે મદ ધરે છે તે પોતાના અંગને જ ખાય છે. શ્રી ગણધરેંદ્રોની નિર્માણ અને ધારણ કરવાની શક્તિ[2] સાંભળીને કયો કર્ણ અને હૃદયવાળો પુરુષ શાસ્ત્રમદનો આશ્રય કરે? દોષરૂપ શાખાને વિસ્તારતા અને ગુણરૂપી મૂળને નીચે લઈ જતા માનરૂપી વૃક્ષને મૃદુતારૂપ નદીના પૂરથી ઉખેડી નાખવું. ઉદ્ધતપણાનો નિષેધ એ મૃદુતાનું અથવા માર્દવનું સ્વરૂપ છે અને ઉદ્ધતપણું એ માનનું નિરુપાધિક સ્વરૂપ છે.

જે જે વખતે જાતિ વગેરેનું ઉદ્ધતપણું અંતરમાં સ્પર્શ કરવા લાગે, તે તે વખતે તેના પ્રતિકારને માટે મૃદુતાનો આશ્રય કરવો. સર્વ ઠેકાણે મૃદુતા રાખવી, તેમાં પણ પૂજ્યવર્ગમાં વિશેષે રાખવી, કારણ કે પૂજ્યની પૂજાવડે પાપથી મુક્ત થવાય છે. બાહુબલિ માનવડે લતાની જેમ પાપથી બંધાયા હતા, અને મૃદુતાવડે તત્કાળ તેનાથી મુક્ત થઈને કેવળજ્ઞાન પામ્યા હતા. ચક્રવર્તી પણ ચારિત્ર લઈને સંગરહિત થઈ શત્રુઓના ઘરમાં પણ ભિક્ષા માગવા જાય છે. અહા! તે માનના ઉચ્છેદને માટે કેવી કઠણ મૃદુતા! ચક્રવર્તી જેવા મહારાજા પણ તત્કાળ દીક્ષા લીધેલા એક રંક સાધુને પણ માન છોડી નમે છે અને ચિરકાળ તેની સેવા કરે છે. આ પ્રમાણે સર્વ માનના વિષયને જાણી બુદ્ધિમાન પુરુષે તેનો નિરાસ કરવા માટે હમેશાં મૃદુતાને ધારણ કરવી.

હવે માયાનું સ્વરૂપ કહે છે. અસત્યની માતા, શીલરૂપ વૃક્ષને કાપવાની ફરસી અને અવિદ્યાની

૧. રાજાદિકની મહેરબાની કે મોટો અધિકાર ૨. માત્ર ત્રિપદી સાંભળવાથી સર્વ શ્રુતના પારગામી થાય છે, અને અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે. જુઓ! ગણધર મહારાજાઓની અચિંત્ય શક્તિ.

જન્મભૂમિ જે માયા તે દુર્ગતિનું કારણ છે. કુટિલપણામાં ચતુર અને માયાવડે બગલાની જેવી વૃત્તિવાળા પાપી પુરુષો જગતને વંચતા ખરેખર પોતાના આત્માને જ વંચે છે. રાજાઓ ખોટા ષડ્ ગુણના યોગથી છળ અને વિશ્વાસઘાતવડે અર્થલાભને માટે સર્વ જગતને છેતરે છે. બ્રાહ્મણો તિલક, મુદ્રા, મંત્ર અને દીનત્વ બતાવી અંતરમાં શૂન્ય અને બહાર સારવાળા થઈ લોકોને ઠગે છે. માયાના ભાજન વણિક લોકો ખોટા તોલા અને માનમાપથી તથા દાણચોરી વગેરેથી ભોળા લોકોને વંચે છે. પાંખડીઓ અને નાસ્તિકો જટા, મૌંજી, શિખા, ભસ્મ, વલ્કલ અને અગ્નિ વગેરે ધારણ કરીને શ્રદ્ધાવાળા મુગ્ધજનને ઠગે છે. વેશ્યાઓ અરાગી છતાં હાવભાવ, લીલા, ગતિ અને કટાક્ષવડે કામીજનોનું મનરંજન કરતી સર્વ જગતને ઠગે છે. દ્યુતકારો તથા દુઃખે પેટ ભરવામાં તત્પર લોકો ખોટા સોગનથી અને ખોટા નાણાથી ધનવાનને વંચે છે. સ્ત્રીપુરુષ, પિતાપુત્ર, સહોદર, સુહૃદજન, સ્વામીસેવક અને બીજા સર્વે એકબીજાને માયાવડે ઠગનારા હોય છે. બંદી લોકો અને ચોર લોકો અર્થમાં લુબ્ધ અને નિર્દય બની અહર્નિશ જાગરૂક રહી પ્રમાદી જનને છળે છે. કારીગર, અંત્યજ અને કોઈ પણ જાતનું કામ કરીને આજીવિકા ચલાવનારા પુરુષો માયાથી ખોટા સોગનો ખાઈને સાધુજનને વંચે છે. વ્યંતરાદિકની નઠારી યોનિમાં રહેલા ક્રૂરદેવો ઘણા પ્રકારના છળ કરીને પ્રાયે પ્રમાદી મનુષ્યોને તથા પશુઓને પીડે છે. મત્સ્યાદિક જળચરો છળ કરીને પોતાના બચ્ચાઓનું જ ભક્ષણ કરે છે, અને તેઓને પણ ધીવર લોકો માયાવડે જાળમાં બાંધે છે અને હણે છે. વિવિધ પ્રકારના ઉપાયો કરીને વંચનમાં પ્રવીણ એવા શિકારીઓ પણ કપટથી જ સ્થળચારી પ્રાણીઓને બાંધે છે અને મારે છે. માંસના ગ્રાસને ઇચ્છનારા પાપી પ્રાણીઓ લાવક વગેરે અનેક જાતના બિચારા આકાશચારી પ્રાણીઓને અનેક પ્રકારની માયાવડે બાંધી લે છે.

આ પ્રમાણે સર્વ લોકમાં પરવંચના કરવામાં તત્પર એવા પ્રાણીઓ પોતાના આત્માને જ વંચી સ્વધર્મ અને સદ્ગતિનો નાશ કરે છે, તેથી તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થવાનું ઉત્કૃષ્ટ બીજ, મોક્ષપુરીના દ્વારની ભોગળ અને વિશ્વાસરૂપ વૃક્ષને દાવાનળ સરખી માયા વિદ્વાનોએ ત્યાગ કરવા યોગ્ય છે. શ્રી મલ્લિનાથ તીર્થંકર પૂર્વભવમાં સૂક્ષ્મ માયા કરશે અને તે માયાશલ્યને કાઢશે નહીં, તેથી તે સ્ત્રીભાવને પ્રાપ્ત કરશે; માટે જગતનો દ્રોહ કરનારી માયારૂપી સર્પિણીને, જગતને આનંદનું કારણ એવી સરલતારૂપ ઔષધિવડે જીતી લેવી. સરલતા એ અવાર્ય વિસ્તારવાળો મુક્તિપુરીનો માર્ગ કહેલો છે, અને તપ દાન વગેરે લક્ષણવાળો જે માર્ગ છે તે તો અવશેષ માર્ગ છે. જેઓ સરલતાને સેવનારા છે તેઓ લોકમાં પણ પ્રીતિના પાત્ર થાય છે, અને સર્પની જેમ કુટિલ પુરુષથી સર્વે ઉદ્વેગ પામે છે. જેઓની મનોવૃત્તિ સરલ છે તેઓ ભવવાસમાં રહેલા છે, તથાપિ તે મહાત્માઓને પોતાથી જ અનુભવાય તેવું અકૃત્રિમ મુક્તિસુખ મળે છે. જેઓના મનમાં કૌટિલ્યતારૂપી શંકુ (ખીલો) ક્લેશ કર્યા કરે છે અને જેઓ બીજાને હાનિ કરવામાં જ તત્પર છે તેવા વંચક પુરુષોને ક્યાંથી સુખ હોય? સર્વ વિદ્યાઓમાં વિદ્વત્તા મેળવ્યા છતાં અને સર્વ પ્રકારની કળાઓ પ્રાપ્ત કર્યા છતાં ધન્ય પુરુષોને જ બાળકના જેવી સરલતા પ્રગટે છે. બાળકો અજ્ઞ છતાં પણ તેમની સરલતા સર્વને પ્રીતિ ઉપજાવે છે, તો જેમના ચિત્ત સર્વ શાસ્ત્રોના અર્થમાં આસક્ત થયેલા છે તેમની સરલતા પ્રીતિ ઉપજાવે તેમાં શું કહેવું? સરલતા સ્વાભાવિક છે અને કુટિલતા કૃત્રિમ છે, તો સ્વાભાવિક ધર્મને છોડી કૃત્રિમ ધર્મનો કોણ આશ્રય કરે? પ્રાયઃ સર્વ જનો છળ,

પિશુનતા, વક્રોક્તિ અને પરવંચનામાં તત્પર છે, તો તેમાં રહ્યા છતાં પણ સુવર્ણપ્રતિમાની પેઠે નિર્વિકારી રહેનાર કોઈક ધન્ય પુરુષ જ હોય છે. સર્વ ગણધરો જો કે શ્રુતસમુદ્રના પારને પામ્યા હોય છે, તથાપિ શિક્ષા લેવાને માટે પણ યોગ્ય હોય તેમ તીર્થંકરની વાણીને સરલતાથી સાંભળે છે. જે સરલપણે આલોચના કરે છે તે સર્વ દુષ્કર્મને ખપાવે છે, અને જે કુટિલપણે આલોચના કરે છે તે, થોડાં દુષ્કર્મ હોય તો તેને ઊલટાં વધારે છે. જેઓ મન, વચન અને કાયાથી સમસ્ત પ્રકારે કુટિલ છે તેમનો મોક્ષ થતો નથી; પણ જેઓ મન, વચન અને કાયાથી સર્વત્ર સરલ છે તેનો મોક્ષ થાય છે. આ પ્રમાણે કુટિલ પુરુષોની અતિ ઉગ્ર એવી કર્મની પણ કુટિલતાને વિચારીને સારી બુદ્ધિવાળા પુરુષે મોક્ષની ઇચ્છાથી સરલતાનો જ આશ્રય કરવો.

સર્વ દોષોની ખાણ, ગુણનો ગ્રાસ કરવામાં રાક્ષસ, વ્યસનરૂપી લતાનું મૂળ અને સર્વ અર્થને બાધ કરનાર લોભ છે. નિર્ધન સોને, સોવાળો સહસ્રને, સહસ્રાધિપતિ લક્ષને, લક્ષપતિ કોટીને, કોટીપતિ રાજાપણાને, રાજા ચક્રવર્તીપણાને, ચક્રવર્તી દેવપણાને અને દેવ ઇંદ્રત્વને ઇચ્છે છે. ઇંદ્રપણું પ્રાપ્ત થતાં પણ ઇચ્છા નિવૃત્તિ પામતી નથી; તેથી મૂળમાં લઘુપણે રહેલો એ લોભ કુંભારના ચક્રપર રહેલા શરાવલા(રામપાત્ર)ની જેમ વધ્યા કરે છે. સર્વ પાપમાં જેમ હિંસા, સર્વ કર્મમાં જેમ મિથ્યાત્વ અને સર્વ રોગમાં જેમ રાજયક્ષ્મા (ક્ષયરોગ) તેમ સર્વ કષાયોમાં લોભ મોટો છે. અહા! આ પૃથ્વી ઉપર લોભનું એકછત્ર સામ્રાજ્ય છે કે જેથી વૃક્ષો પણ પોતાની નીચે દ્રવ્ય હોય છે તો તેને પોતાના ચરણથી એટલે શાખા તથા મૂળીઆં વગેરેથી ઢાંકી દે છે. દ્રવ્યના લોભથી બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય પ્રાણીઓ પણ મૂર્છાવડે પોતાના પૂર્વે દાટેલા અથવા મૂકેલા નિધાનપર આવીને બેસે છે. સર્પ અને ગૃહગોધા (ગરોળી) જેવા પંચેંદ્રિય પ્રાણીઓ પણ ધનના લોભથી પોતે અથવા બીજાએ દાટેલા કે મૂકેલા નિધાનસ્થાનની ભૂમિપર આવીને લીન થઈ જાય છે. પિશાચ, [૧]મુદ્ગળ, પ્રેત, ભૂત અને યક્ષ વગેરે દેવજાતિ લોભથી પોતાના અથવા પારકા નિધિપર અધિષ્ઠાયકપણે સ્થાન કરે છે. આભૂષણ, ઉદ્યાન અને વાપિકા વગેરેમાં મૂર્છાવાળા દેવતાઓ પણ ત્યાંથી ચ્યવીને તે જ ઠેકાણે પૃથ્વીકાય[૨] વગેરેમાં ઉત્પન્ન થાય છે. મુનિજનો પણ ક્રોધાદિકનો વિજય કરીને ઉપશાંતમોહ નામના અગિયારમા ગુણઠાણાને પ્રાપ્ત થયા છતાં એક લોભના અંશમાત્રથી પતિત થઈ જાય છે. લેશમાત્ર ધનલોભથી સહોદર ભાઈઓ પણ એક માંસના લવની ઇચ્છાએ બે કૂતરાઓ લડે તેમ પરસ્પર યુદ્ધ કરે છે. ગ્રામ્ય જન, અધિકારી અને રાજાઓ ગામ વગેરેના એક સીમાડાની બાબતમાં લોભ કરી સૌહૃદભાવને છોડી દઈને પરસ્પર વૈર બાંધે છે. લોભી જનો પોતાને હાસ્ય, શોક, દ્વેષ અને હર્ષનું કારણ ન હોય તોપણ સ્વામીની પાસે નટની જેમ કૃત્રિમપણે તે બતાવી આપે છે. લોભરૂપી ખાડો જેમ જેમ પૂરવા માંડીએ તેમ તેમ વધતો જ જાય છે એ એક મોટું આશ્ચર્ય છે. કદી જળવડે સમુદ્ર પૂરી શકાય, પણ ત્રૈલોક્યનું રાજ્ય મળે તોપણ તે લોભરૂપી ખાડો પૂરી શકાતો નથી. ભોજન, વસ્ત્ર, વિષય અને દ્રવ્યનો સંચય અનંતી વાર એકઠો કરી કરીને ભોગવ્યા છતાં પણ લોભનો એક અંશ પણ પુરાતો નથી. જો લોભનો ત્યાગ કર્યો તો પછી નિષ્ફળ તપ કરવાની જરૂર નથી, અને જો લોભનો ત્યાગ કર્યો નહીં તો પણ નિષ્ફળ તપ કરવાની જરૂર

૧. વ્યંતર જાતિ વિશેષ ૨. આ કારણથી જ દેવોની પૃથ્વીકાય અપ્કાય વનસ્પતિકાય તરીકે વિમાનોની ભીંતોમાં, વાવડીઓના જળમાં અને કલ્પવૃક્ષરૂપ વનસ્પતિ વગેરેમાં ઉત્પત્તિ કહેલી છે.

નથી. સર્વ શાસ્ત્રના સર્વસ્વને વિચારી વિચારીને એટલું જ ધ્યાનમાં રાખવાનું છે કે મોટી બુદ્ધિવાળા પુરુષે એક લોભના ત્યાગને માટે જ પ્રયત્ન કરવો. સદ્બુદ્ધિવાળા પુરુષે લોભના પ્રસરતા એવા ઉદ્વેલ[૧] સાગરને સંતોષના સેતુબંધવડે રોકવો.

જેમ મનુષ્યમાં ચક્રવર્તી છે અને દેવતામાં ઇંદ્ર છે તેમ સર્વ ગુણોમાં સંતોષ એ શ્રેષ્ઠ ગુણ છે. સંતોષી મુનિ અને અસંતોષી ચક્રવર્તી તેમની જ્યારે તુલના કરીએ ત્યારે સુખ દુઃખનો ઉત્કર્ષ સમાન થાય છે. એટલે જેટલે દરજ્જે સંતોષી મુનિ સુખી છે તેટલે જ અંશે અસંતોષી ચક્રવર્તી દુઃખી છે. તેથી જ ચક્રવર્તી રાજાઓ પોતાને સ્વાધીન એવું રાજ્ય છોડીને પણ સંતોષરૂપ અમૃતની ઇચ્છાથી તત્કાળ નિઃસંગપણાને સ્વીકારે છે. જ્યારે ધનની ઇચ્છાની નિવૃત્તિ કરીએ છીએં ત્યારે સંપત્તિ પડખે જ આવીને રહે છે; કારણ કે કાનને આગળથી ઢાંકીએ છીએ ત્યારે અંદર શબ્દાદ્વૈત જ વધે છે. જેમ નેત્ર ઢાંકવાથી બધું ચરાચર વિશ્વ ઢંકાઈ જાય છે, તેમ એક સંતોષ ધારણ કરવાથી પ્રત્યેક વસ્તુમાં વિરક્તિ થાય છે. ઇંદ્રિયોનું દમન અને કાયાને પીડા કરવાનું શું પ્રયોજન છે? માત્ર સંતોષ રાખવાથી જ મોક્ષલક્ષ્મી સામું જુએ છે. જેઓ મુક્તિ જેવું સુખ ભોગવે છે તેઓ જીવતા છતાં પણ મુક્ત છે, મુક્તિને માથે કાંઈ શીંગડું હોતું નથી. રાગ દ્વેષથી સંયુક્ત અને વિષયથી ઉત્પન્ન થયેલું સુખ શા કામનું છે? કેમકે સંતોષથી ઉત્પન્ન થયેલું સુખ જ મોક્ષપ્રાપ્તિ યોગ્ય કર્મથી ન્યૂનતાવાળું નથી. બીજાને તૃપ્ત કરનારા એવા શાસ્ત્રોના સુભાષિત શા કામના છે? પણ જેઓની ઇંદ્રિયો મલિન છે તેઓએ સંતોષના સ્વાદનું સુખ જ શોધવું જોઈએ. અરે પ્રાણી! જો તું કારણને અનુસરનારાં જ કાર્યો હોય એવું માનતો હો તો સંતોષના આનંદથી જ મોક્ષના અપાર આનંદની પ્રતીતિ કર. જે તીવ્ર તપ કર્મને નિર્મૂળ કરનારું કહેવાય છે, તે પણ જો સંતોષ રહિત હોય તો નિષ્ફળ છે. સુખાર્થી પુરુષોને કૃષિ, સેવા, પશુપાળવૃત્તિ અને વ્યાપાર કરવાની શી જરૂર છે? કારણ કે સંતોષનું પાન કરવાથી શું તેનો આત્મા નિવૃત્તિસુખને નથી પામતો? તૃણની શય્યા ઉપર સૂનારા પણ સંતોષીઓને જે સુખ થાય છે તે સુખ રૂની શય્યાપર સૂનારા પણ સંતોષ વગરના પુરુષોને થતું નથી. અસંતોષી ધનવાન પુરુષો, સમર્થ પુરુષોની પાસે તૃણ સમાન લાગે છે, અને સંતોષી પુરુષોની પાસે સમર્થ પુરુષો પણ તૃણ સમાન લાગે છે. ચક્રવર્તીની અને ઇંદ્રાદિકની સંપત્તિ પ્રયાસજન્ય અને નશ્વર છે; પરંતુ સંતોષથી થયેલું સુખ આયાસ રહિત અને નિત્ય છે. માટે સારી બુદ્ધિવાળા પુરુષે સર્વ દોષના સ્થાનરૂપ લોભને દૂર કરવાને માટે અદ્વૈત સુખના ગૃહરૂપ સંતોષનો આશ્રય કરવો.

આ પ્રમાણે કષાયને જીતનાર પ્રાણી આ ભવમાં પણ શિવસુખને ભજનારો થાય છે, અને પરલોકમાં અવશ્ય શાશ્વત શિવસુખને પ્રાપ્ત કરે છે."

આ પ્રમાણેની પ્રભુની દેશના સાંભળીને ઘણા પુરુષોએ દીક્ષા લીધી, વાસુદેવે સમકિત સ્વીકાર્યું, અને બલભદ્રે શ્રાવકપણું અંગીકાર કર્યું. પ્રથમ પૌરુષી પૂર્ણ થયા પછી પ્રભુ દેશનાથી વિરામ પામ્યા, એટલે પ્રભુની પાદપીઠપર બેસીને **અરિષ્ટ** ગણધરે દેશના આપવા માંડી. બીજી પૌરુષી પૂર્ણ થતાં ગણધરે પણ દેશના સમાપ્ત કરી. પછી ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વગેરે શ્રી

૧. પોતાના તટને ઉલ્લંઘીને જનાર નદી વગેરે.

અર્હંત પ્રભુને નમસ્કાર કરી ત્યાંથી પોતપોતાને સ્થાનકે ગયા અને સર્વ અતિશયથી શોભતા એવા શ્રી ધર્મનાથ ભગવાને પણ ત્યાંથી પૃથ્વીપર અન્યત્ર વિહાર કર્યો.

કેવળજ્ઞાન પામ્યા પછી બે વર્ષ ઊણા અઢી લાખ વર્ષ સુધી વિહાર કરતાં પ્રભુને ચોસઠ હજાર મહાત્મા સાધુઓ, બાસઠ હજાર ચારસો સાધ્વીઓ, નવસો ચૌદ પૂર્વધારી, ત્રણ હજાર છસો અવધિજ્ઞાની, ચાર હજાર પાંચસો મનઃપર્યવધારી, તેટલા જ કેવળજ્ઞાની, સાત હજાર વૈક્રિય લબ્ધિવાળા, બે હજાર આઠસો વાદલબ્ધિવાળા, બે લાખ ચાળીશ હજાર[1] શ્રાવકો અને ચાર લાખ તેર હજાર શ્રાવિકાઓ–આ પ્રમાણે પરિવાર થયો.

પોતાનો મોક્ષસમય નજીક જાણીને પ્રભુ સંમેતશિખર ગિરિ ઉપર પધાર્યા. ત્યાં એકસો આઠ મુનિઓની સાથે અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે જ્યેષ્ઠ માસની શુક્લ પંચમીએ ચંદ્ર પુષ્યનક્ષત્રમાં આવતાં તે મુનિઓની સાથે પ્રભુ મોક્ષપદને પ્રાપ્ત થયા. તરત જ ઇંદ્રાદિક દેવોએ આવીને શ્રી ધર્મનાથ સ્વામીનો અને સાધુઓનો નિર્વાણમહિમાનો ઉત્સવ કર્યો. અનંતનાથ સ્વામીના નિર્વાણ પછી ચાર સાગરોપમ ગયા ત્યારે ધર્મનાથ સ્વામીનું નિર્વાણ થયું. કૌમારવયમાં અઢી લાખ વર્ષ, રાજ્યમાં પાંચ લાખ વર્ષ અને વ્રતમાં અઢી લાખ વર્ષ–એ પ્રમાણે એકંદર દશ લાખ વર્ષનું આયુષ્ય શ્રી ધર્મનાથ સ્વામીનું નિર્ગમન થયું.

પુરુષસિંહ વાસુદેવ સિંહના જેવા પોતાના હિંસ્રકર્મથી આયુષ્ય પૂર્ણ કરીને મરણ પામી છઠ્ઠી નરકભૂમિમાં ગયા. કૌમારવયમાં ત્રણસો વર્ષ, માંડળિકપણામાં સાડાબારસો વર્ષ, દિગ્વિજયમાં સિત્તેર વર્ષ અને રાજ્યમાં નવ લાખ અઠ્ઠાણું હજાર ત્રણસો એંશી વર્ષ–એ પ્રમાણે પુરુષસિંહ વાસુદેવનું દશ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું હતું. સત્તર લાખ વર્ષના આયુષ્યવાળા સુદર્શન બલભદ્રે પોતાના અનુજબંધુ વાસુદેવના વિરહે ભ્રાતૃસ્નેહને વશ થઈ મહા કષ્ટે જીવિતને ધારણ કર્યું. સુદર્શન ચક્રને ધારણ કરનારા પોતાના બંધુનું મૃત્યુ જોઈને આર્દ્ર શોકને વશ થઈ રહેલા સુદર્શન બલભદ્રે પ્રાંતે **કીર્તિધર** નામના સાધુની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને આયુષ્ય પૂર્ણ કરીને મોક્ષપદને પામ્યા.

**इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये चतुर्थे पर्वणि धर्मनाथपुरुषसिंहसुदर्शननिशुंभचरितवर्णनो नाम पंचमः सर्गः ॥५॥**